
# મોડાસા બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાથી પ્રજાજનો અને દુકાનદારો ત્રાહીમામ

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર આરોગ્યનગરી તરીકે અરવલ્લી જિલ્લા, પંચમહાલ, મહિસાગર અને રાજસ્થાનના છે બાડમેર શહેર સુધી ખુબ જ જાણીતું છે. મોડાસા શહેરના સૌથી વધુ ખાનગી દવાખાના અને લેબોરેટરીઓ અને સીટીસ્કેન જેવી મહત્વની સુવિધાજનક ઈમારતો બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં હોવાથી અહીં રોજબરોજ બિમાર વ્યકિતઓને લઈને આવતા વાહનો અને એમ્બ્યુલન્સના કારણે રસ્તાઓમાં ટ્રાફીકની વ્યવસ્થા ખોરવાઈ જાય છે જેનો ભોગ મોડાસાના નગરજનો અને દુકાનદારોએ બનવું પડે છે. બસ સ્ટેન્ડમાં આવેલી લીયો પોલીસ ચોકીના જવાનોને પણ ટ્રાફિકની સમસ્યા ઉકેલવામાં કોઈ જ રસ ન હોય તેવું જણાઈ રહ્યું છે.

મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં આવેલા ખાનગી દવાખાના અને રસ્તા સાંકડો હોવાના કારણે અહીં ટ્રાફિકની સમસ્યા ખુબ જ મોટા



(તસવીર : જય અમીન, મોડાસા)

પ્રમાણમાં જોવા મળે છે. બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં આવેલા સીટીસ્કેનના બે નિરિક્ષણ કેન્દ્ર હોવાથી મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લાના પ્રજાજનો પોતાના સ્વજનને સીટીસ્કેન કરવા માટે એમ્બ્યુલન્સ લઈને આવતા હોય છે ત્યારે સીટીસ્કેન સેન્ટરના માલિકો દ્વારા એમ્બ્યુલન્સ પાર્કિંગની કોઈ જ વ્યવસ્થા કરેલ ન હોવાથી એમ્બ્યુલન્સ વાળા ડ્રાઈવર દ્વારા રોડ પર જ પાર્ક કરી દેવામાં આવે છે જેથી જયાં સુધી દર્દીનું રીપોર્ટીંગ ન થાય ત્યાં સુધી એમ્બ્યુલન્સ ચાલકો મુખ્ય માર્ગ પર જ ઉભી રાખતા હોવાથી રસ્તામાં ટ્રાફિક જામના દશ્યો એ રોજબરોજની ઘટના બની ગઈ છે. નજીક આવેલી લિયો પોલીસ ચોકીના ટ્રાફિક જવાનો પણ ટ્રાફિક પૂર્વરત કરવાના બદલે તમાશો જોતા રહે છે. જયારે આ જગ્યાએથી ૧૦૦ મીટર અંતરે આવેલી અરવલ્લી જિલ્લા વહીવટીતંત્રની સરકારી કચેરીઓ પણ આવેલી હોવાથી સરકારીતંત્રની ગાડીઓ પણ આ ટ્રાફિક જામનો ભોગ બને છે. પરંતુ યોગ્ય પગલા ભરવામાં સરકારી તંત્ર પગપાછા કરી રહી હોય તેવું જણાય છે. ત્યારે અજન્ટા કોમ્પ્લેક્ષના એક વેપારીના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લામાં નવા કલેકટરે હાલમાં જ ચાર્જ સંભાળ્યો છે ત્યારે કલેકટર દ્વારા આ ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

## કરાઈ સાયફનમાંથી વધુ એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૮

ધૂળેટી પર્વ દરમિયાન કરાઈ સાયફનમાં ન્હાવા પડેલા બે યુવાનોના ગઈકાલે ડુબી જવાથી મોત થયા હતા અને મોડી રાત્રે બન્ને યુવાનોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. આ દરમિયાન આ સાયફનમાં નાના-ચિલોડાનો યુવાન પણ પાણીમાં તણાઈ ગયો અને તેની પણ શોધખોળ ફાયરબ્રિગેડે શરૂ કરી હતી પરંતુ યુવાનનો મૃતદેહ મળ્યો ન હતો. જો કે આજે ફાયરબ્રિગેડની ટીમે ફરીવાર શોધખોળ હાથ ધરતા સવારે જ યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે યુવાનના મૃતદેહની તપાસ કરતા શુભમ પંકજભાઈ સરકાર (ઉં.વ.૧૭, રહે. નાના-ચિલોડા) હોવાનું બહાર આવ્યું હતું. ઘટનાની જાણ થતા પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ.

# પ્રદેશ કોંગ્રેસના સંગઠનના માળખામાં ફેરફારો કરાશે

ગાંધીનગર, તા.૮

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષની વરણી કરવામાં આવ્યા બાદ હવે નવા પ્રદેશ અધ્યક્ષ આગામી ટૂંક સમયમાં પોતાની નવી ટીમ તૈયાર કરીને પ્રદેશ સંગઠન માળખામાં ધરખમ ફેરફારો કરનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને મળેલા કારમા પરાજય બાદ આખરે કોંગ્રેસ મોવડી મંડળે ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષનું રાજીનામું લઈને નવા અધ્યક્ષ તરીકે ભરતસિંહ સોલંકીની નિમણુંક કરવામાં આવી છે.

ભરતસિંહ સોલકીએ ગઈ કાલે પોતાનો પદભાર સંભાળ્યા બાદ કાર્યકર્તાઓને આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરવા માટેનો સંકેત આપી દીધો છે.

આગામી ટૂંક સમયમાં હવે નવા પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી પ્રદેશના આગેવાનો અને જિલ્લા તાલુકા આગેવાનો સાથે બેઠકો કરીને તેમની રજુઆતો સાંભળશે અને ત્યાર બાદ પ્રદેશ સંગઠન માળખામાં પુનઃ રચના માટેની પ્રક્રિયાઓ હાથ ધરશે. સંભવત પોતાની નવી ટીમમાં યુવા ચહેરાઓને વધુ સ્થાન આપવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

જો કે સૌ પ્રથમ નવા પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ કાર્યકર્તાઓને જૂથવાદ ભૂલી જઈને એક જૂથ થવા માટેનો અનુરોધ કર્યો હોઈ તેઓએ સૌ પ્રથમ પક્ષમાં ચાલતા આંતરીક જૂથવાદને ડામવા માટેની એકસરસાઈઝ કરવી પડશે. પ્રદેશ અધ્યક્ષના કાંટાળા માર્ગ પર ચાલીને કોંગ્રેસને મજબૂત બનાવવાનો પડકાર તેમની સામે છે.

ભરતસિંહ સોલંકી બીજીવાર પ્રદેશ અધ્યક્ષ બન્યા છે. આથી તેમને સંગઠનની કામગીરીનો અનુભવ છે આથી તેમની સામેના પડકારોનો સામનો કરવામાં તેમને સફળતા મેળવવામાં સરળતા પડશે તેવું કોંગ્રેસ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

## કંપની સમાચાર

### તંદુરસ્ત બેબીકેર પધ્ધતિઓ અને વિકાસ માટે જોહનસન્સ રજૂ કરે છે 'સાયન્સ ઓફ સેન્સીઝ'

તંદુરસ્ત બેબીકેર પધ્ધતિઓ અને વિકાસ માટે માતા પિતાને પ્રેરિત કરવા જોહનસન્સે 'સાયન્સ ઓફ સેન્સીઝ' રજુ કર્યું છે. બાળકના પ્રથમ ત્રણ વર્ષમાં માતા પિતાનો બાળક સાથેનો સંવાદ તેના મગજના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

જોહનસન એન્ડ જોહનસન્સ કન્ઝ્યુમરનાં એશિયા પ્રશાંત વિસ્તારનાં બાયોલોજીસ્ટ અને ડાયરેકટર બેબીકેર આર એન્ડ ડી શ્રી સ્કોટ બ્યુડ્રીએ જણાવ્યું હતું કે, 'ઉદભવી રહેલા અને મૂળભૂત વિજ્ઞાને તે પ્રતિપાદિત કર્યું છે કે બહુવિધ ઈન્દ્રિયોનો અનુભવ બાળકનાં મગજને વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. બાળકને સ્નાન કરાવતી વખતે માતા પિતાને બાળક સાથેનો સંવાદ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.' જોહનસન્સનાં સર્વેક્ષણમાં ગંધની પણ બાળકનાં મગજનાં વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનું જાણવા મળ્યું છે.

### ડૉ. બત્રાઝ દેશભરમાં સ્વાઈન ફ્લૂ માટે નિઃશુલ્ક પ્રતિબંધાત્મક હોમિયોપેથિક દવા આપશે

દેશમાં આરોગ્ય અને સ્વાસ્થ્ય કલ્યાણ પ્રત્યે કટિબદ્ધતા પર ભાર આપતા દુનિયાની સૌથી વિશાળ હોમિયોપેથી આરોગ્યસંભાળ કોર્પોરેટ ડૉ. બત્રાઝ ભારતમાં તેનાં સર્વ ૧૮૪ કિલનિકસમાં સ્વાઈન ફ્લૂ માટે મફત પ્રતિબંધાત્મક દવા આપશે.

સ્વાઈન ફ્લૂના વધતા કિસ્સા ધ્યાનમાં લેતાં આ પ્રતિબંધાત્મક હોમિયોપેથિક દવા ૨ માર્ચ ૨૦૧૫ થી ૧૪ માર્ચ વચ્ચે સોમથી શુક્ર બપોરે ૧૨ થી સાંજે ૫ વચ્ચે ૯૭ શહેરનાં ડૉ. બત્રાઝના ૧૮૪ કિલનિકસમાં આવનાર દરદીઓને મફતમાં અપાશે. આ બિમારી ફેલાઈ છે ત્યારથી સ્વાઈન ફલૂથી મરણાંકે ૮૦૦નો આંકડો પાર કરી દીધો છે અને દેશભરમાં ૧૪,૦૦૦ લોકો આ જીવલેણ ચેપથી પીડાઈ રહ્યા છે.

# આઈઆઈએમમાં મહિલા અંગે ખાસ સેમિનારનું આયોજન કરાયું

અમદાવાદ, તા.૮

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલ આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત મેનેજમેન્ટ સંસ્થા આઈઆઈએમ-એ ખાતે આજથી વિમેન ઈન ઓથોરિટી અને બ્રેકિંગ ગ્લાસ સિલિંગ વિષય પર નેશનલ સેમિનારનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સેમિનાર આવતીકાલે સાંજ સુધી ચાલશે. આ બે દિવસીય સેમિનારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને જાણિતા તજજ્ઞો જોડાયા છે. આજે આંતરરાષ્ટ્રીય વુમન ડેની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે અમદાવાદ સ્થિત આઈઆઈએમ-એ ખાતે આજથી વિમેન ઈન ઓથોરિટી અને બ્રેકિંગ ગ્લાસ સિલિંગ વિષય પર બે દિવસના નેશનલ સેમિનારનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આઈઆઈએમ-એમાં સેન્ટર ફોર જેન્ડર ઈક્વિટી, ડાઈવર્સિટી એન્ડ ઈન્કલુઝિવિટી સેન્ટર વર્ષ ૨૦૦૬થી કાર્યરત છે અને તેમાં જાતિ સમાનતા, પોલીસી રિસર્ચ, કેપીસીટી બિલ્ડિંગ બિલ્ડિંગ, જ્ઞાનનું સર્જન કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે આજે વિમેન ઈન ઓથોરિટી વિષય પર સેમિનાર યોજાયો હતો જ્યારે આવતીકાલે બ્રેકિંગ ગ્લાસ સેમિનારનુંયોજન કરવામાં આવ્યુંછે. બંને કાર્યક્રમનું સંચાલન આઈ. આઈએમ-એના અધ્યાપક અજિત માથુર કરવાના છે. ઉલ્લેખનીય છે કે, આ સેમિનારમાં આઈસીઆઈસીઆઈ બેંકના એમડી ચંદા કોચર, સેવાના મનાલી શાહ, ફલેમના પ્રેસિડેન્ટ ઈન્દિરા પરીખે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને લેકચર્સ આપ્યા હતા જ્યારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ આ સેમિનારમાં જોડાયા હતા.

# ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ ૧૦ના મોત, ૧૦૨ કેસો થયા

અમદાવાદ, તા. ૮

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના આજે ૧૦૨ નવા કેસો સપાટી ઉપર આવ્યા હતા જેથી કેસોની સંખ્યા વધીને ૫૬૨૩ ઉપર પહોંચી હતી. જ્યારે વધુ ૧૦ લોકોના મોત સાથે મોતનો આંકડો રેકોર્ડ ગતિએ વધીને ૩૪૨ ઉપર પહોંચ્યો હતો. સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ચુકેલા લોકોનો આંકડો ૪૩૧૪ સુધી પહોંચી ગયો છે. આજે રાજયભરમાં સૌથી વધુ કેસો અમદાવાદમાં જ ૪૭ નોંધાયા હતા જ્યારે સુરતમાં ૧૨, જામનગરમાં આઠ, અમરેલીમાં સાત, બનાસકાંઠા અને રાજકોટમાં ચાર-ચાર, ગાંધીનગરમાં ત્રણ, આણંદમાં પણ ત્રણ નવા કેસો નોંધાયા હતા. અન્યત્ર ૧૪ કેસો સપાટી ઉપર આવ્યા હતા. રવિવારના દિવસે વધુ ૧૦ લોકોના મોત થઈ ગયા હતા જેથી મૃતાંક ખુબ ઝડપથી વધી રહ્યો છે. આજે અમદાવાદમાં પાંચના મોત થયા હતા જ્યારે સુરતમાં ત્રણના મોત થયા હતા. જામનગર અને બનાસકાંઠામાં એક એક વ્યક્તિનું મોત થયું હતું. હજુ સુધી કિલર સાબિત થઈ રહેલા સ્વાઈન ફલુને રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે ત્યારેની અસર દેખાઈ રહી છે. આજે સ્વાઈન ફલુના કારણે વધુ ૧૦ લોકોના મોત થયા હતા. સંપૂર્ણ સારવાર લઈ ચુકેલા લોકોનો આંકડો ૪૩૧૪ ઉપર પહોંચ્યો હતો. આજે એક જ દિવસમાં વધુ ૧૦ લોકોના મોત થયા હતા.સ્વાઈન ફલુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફલુ વધુ વકર્યો છે. દરમિયાન રાજય વિધાનસભામાં પણ સ્વાઈન ફલુનો મુદ્દો ચમકી ચુક્યો છે. જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં નોંધાયેલા સ્વાઈન ફલુના કેસો સંદર્ભના પ્રશ્નો પ્રત્યુતર પાઠવતા આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ હાલમાં જ જણાવ્યું હતું કે, રાજય સરકારે સ્વાઈન ફલુ રોગ સામે ઘનિષ્ઠ અટકાયતી પગલાં લીધા છે.

## રાજ્યવ્યાપી પ્રારંભ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શ્રીમતી આનંદીબહેને ઉમેર્યું કે અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન દ્વારા માતાઓ-બહેનોને સુરક્ષા સલામતિ આપવી છે તો આવા આરોગ્ય કેમ્પ દ્વારા સગર્ભા માતાઓ અને બાળકોને આરોગ્ય સુખાકારીનું કવચ પુરૂ પાડવું છે.

આ હેલ્પ લાઈન રેસ્ક્યુ બચાવની સમયસરની કામગીરી હાથ ધરીને મુશ્કેલીમાં-વિપદામાં ઘેરાયેલી અનેક બહેનોના જીવન રક્ષિત બનાવશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ૨૦૧૪માં અમદાવાદ, ગાંધીનગર અને સુરતમાં શરૂ થયેલી ૧૮૧ અભયમ હેલ્પ લાઈન ૧૭,૭૦૦ ઉપરાંત મહિલાઓની સહાયતાનું સફળ માધ્યમ બની છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં નારી સશક્તિકરણ અને સુરક્ષા માટેની અનેક નવતર પહેલ કરી છે તેની ભૂમિકા આપતાં કહ્યું કે, નારીશક્તિના સામર્થ્યને રક્ષાસુરક્ષા ક્ષેત્રે પ્રેરિત કરવા ગુજરાતે પોલીસ ભરતીમાં ૩૩ ટકા મહિલા આરક્ષણની દેશભરમાં પ્રશસ્ય પહેલ કરીને તેના સફળતમ પરિણામો પણ મેળવ્યા છે.

આ ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન ૨૦૧૪માં પ્રાયોગિક ધોરણે અમદાવાદ, ગાંધીનગર અને સુરતમાં શરૂ થઈ અને તેની સફળતાને પગલે પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના માર્ગદર્શનમાં આ સેવાનો રાજયવ્યાપી વિસ્તાર થયો છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

રાજ્યમંત્રી શ્રીમતી ત્રિવેદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આ ઉજવણી બીબાંઢાળ ન બની રહે પરંતુ નારીશક્તિના સશક્તિકરણ માટેના પ્રયાસો આજીવન વેગવંતા બને તે માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

પ્રારંભમાં મહિલા બાળકલ્યાણના અગ્ર સચિવ-વ. કમિશનર શ્રીમતી અનુરાધા મલ્લે સૌને આવકારી અભયમ હેલ્પલાઈનનો હેતુ સ્પષ્ટ કર્યો હતો.

આ સમારોહમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રી રમણભાઈ વોરા, ગૃહ રાજયમંત્રી શ્રી રજનીભાઈ પટેલ, કાયદા રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, અમદાવાદ અને ગાંધીનગરના મેયરશ્રીઓ, ધારાસભ્યો શ્રીમતી નિર્મળાબહેન, શંભુજી ઠાકોર, અશોકભાઈ, મહિલા આયોગ અધ્યક્ષા શ્રીમતી લીલાબહેન તેમજ મુખ્યસચિવશ્રી પાંડિયન, ગૃહના અધિક મુખ્ય સચિવશ્રી અલોરિયા, પોલીસ મહાનિર્દેશક શ્રી ઠાકુર તેમજ વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં નારીશક્તિ ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ મહાનિર્દેશકશ્રી ઠાકુરે સૌની ઉપસ્થિતિનો આભાર સ્વીકાર કર્યો હતો.

## શબ્દાવલી - ૫૬૬૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| | ■ | ૯ | ૧૦ | | ■ | | ■ |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ■ | | ■ |
| ■ | ૧૪ | ૧૫ | | ■ | ■ | ■ | ૧૬ |
| ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | ૨૦ | |
| | ■ | ૨૧ | ૨૨ | | | | |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | |

### આડી ચાવી

૧. બામલાઇ, બગલમાં થતું ગૂમડું(૫)
૫. યજ્ઞ, ઉત્સવ (અપ્રચલિત શબ્દ) (૨)
૭. ખેલ (૩)
૮. મોટો ખટલો, રસાલો (૪)
૯. દોહ્યલા, કઠીન (૩)
૧૧. મોકો, લાગ (૨)
૧૩. પ્રવાસ (૨)
૧૪. બર્ફીલુ શહેર (૩)
૧૭. આરતીની જયોત લેવી તે (૩)
૧૮. ગુલાબજાંબુ જેવી મિઠાઇ(૪)
૨૧. ઘરધણી, મકાન ધણી(૬)
૨૩. ખાટ, હિંચકા (૨)
૨૪. અંગ્રેજી માસનો છઠ્ઠો મહિનો (૨)
૨૫. મળું, હું તને કાલે... છું(૨)

### ઊભી ચાવી

૧. સફળ, સક્સેસફલુ (૪)
૨. રોકા, થોભ (૨)
૩. હંસ જેવું એક પક્ષી (૩)
૪. કબુલાત (૪)
૫. વ્યવસ્થિત કરવું (૪)
૬. ચળ, ખંજવાળ (૨)
૧૦. ખુશામત, લટુડાપટુડા (૩)
૧૨. યાદ પહોંચવી, ... થવી(૩)
૧૫. મુકામ, યોગ્ય જગ્યા (૩)
૧૬. અટકવાળુ, નાનકડું તોફાન (૪)
૧૭. ઇચ્છા, મહેચ્છા (૩)
૧૮. જંગલ, વન (૩)
૧૯. બૌદ્ધ ધર્મના વડા ગુરુ(૩)
૨૦. દુઃખ આપે તેવું (૩)
૨૨. ડાયફ્રુટ, સુકો મેવો (૨)

### શબ્દાવલી ૫૬૬૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) આઇસ્ક્રીમ (૫) રાજીપો (૮) તનહા (૯) વજીર (૧૦) કરા (૧૧) લખોટી (૧૨) જવું (૧૩) વદ (૧૫) સમંદર (૧૬) વાખ (૧૭) મલમ (૧૮) વરો (૨૦) તમારો (૨૧) કક્ષા

**ઊભી ચાવી :-** (૨) ઇતરાવું (૩) સ્ક્રીન (૪) મહાલય (૫) રાવટી (૬) જીજી (૭) પોરબંદર (૧૦) કજરા (૧૩) વદન (૧૪) ભૂખમરો (૧૫) સખાવત (૧૬) વાલમ (૧૭) મત (૧૯) રક્ષા

## નવતર અભિગમ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કૃષિ વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્યભરમાં ૧૧૦૦ જેટલા સેમિનાર યોજી અને સમગ્ર રાજ્યમાં ખરીફ વાવેતર માટે ખેડૂતોને સમગ્રતયા જાગૃત કરવામાં આવશે અને જાણકારી પણ આપવામાં આવશે. આ સેમિનારમાં રાજ્યના ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓ પણ જોડાશે. આ ઉપરાંત આ માટેના સ્થળની પસંદગી અને વિષયોની પસંદગી સાથેનું આયોજન તૈયાર કરવા માટે જિલ્લાઓને જણાવવામાં આવ્યું છે.

ખેડૂતો માટે ખેતી ખાતાની વર્ષ-૨૦૧૫-૧૬માં સહાય યોજનાઓમાં લાભ લેવા માટે કૃષિ અને સહકાર વિભાગ દ્વારા ખુલ્લુ મુકવામાં આવેલ 'આઈ ખેડૂત પોર્ટલ' ઉપર ૧૫ માર્ચ સુધી ઓનલાઈન અરજી કરવા જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા જણાવવામાં આવેલ છે. સહાય યોજનાઓનો લાભ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત નથી. ખેડૂતો દ્વારા પોતાના ઘરે પણ ઈન્ટરનેટની સુવિધા હોય તો અરજી કરી શકે છે. અન્યથા ગ્રામસેવક અથવા વિસ્તરણ અધિકારી-ખેતીનાં માર્ગદર્શન હેઠળ ગ્રામપંચાયત ખાતે ઉપલબ્ધ ઈન્ટરનેટ દ્વારા **https://ikhedut.gujarat.gov.in** ઉપર ઓનલાઈન અરજી કરી શકશે. જો પોતાનાં ગામ ખાતે કોમ્પ્યુટર અથવા ઈન્ટરનેટનાં કનેકશનમાં પ્રશ્ન હોય તો અન્ય ગામમાંથી પણ અરજી કરી શકશે. ૧૫ માર્ચ બાદ પોર્ટલ બંધ થયે અરજીઓ સ્વીકારવાનું બંધ કરવામાં આવનાર છે.

'આઈ. ખેડૂત પોર્ટલ' ઉપર એટ સોર્સ સહાય કાપ્યા વગરનાં ઘટકો જેવા કે ટ્રેક્ટર, રોટાવેટર, થ્રેસર, કલ્ટીવેટર, વાવણીઓ, વિગેરે પ્રકારનાં ફાર્મ મીકેનાઈઝેશનનાં આજોરો/સાધનો . તાડપત્રી + અન્ડર+ ગ્રાઉન્ડ/ખુલ્લી પાઈપલાઈન, પાક સંરક્ષણ સાધનોની ઓનલાઈન અરજી કરી શકશે.

## જિલ્લાનું બાળપણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે સૌથી મોટો પડકાર એ ઉભો થયો છે કે ૧૮ જેટલા બાળકો માનસિક તનાવ શિક્ષણથી અનુભવતા જણાયા છે.

બદલાતી જીવન શૈલીથી શરીરની સ્થૂળતા બાળકો ધરાવતા થયા છે અને જિલ્લામાં આવા નવ બાળકો મળી આવ્યા છે. ૨૨૯ બાળકો પેટની તકલીફથી તો ૯૫૮ બાળકો ચામડીના રોગથી પિડાતા મળી આવ્યા છે. ૨૧૫ બાળકો વિકલાંગ છે જ્યારે અસ્થિતંત્રની બિમારી ધરાવતા બાળકો ૧૨ મળી આવ્યા છે. જિલ્લામાં ૨૧૦૩૫ બાળકો આવી જુદી જુદી બિમારી ધરાવતા મળી આવ્યા છે.

જિલ્લામાં આ વખતે હૃદય-કિડની અને કેન્સરની બિમારીથી પિડાતા બાળકો ગત વર્ષ કરતાં વધુ મળ્યા છે એટલુ જ નહિ થેલેસેમીયાથી પિડાતા ૧૧ બાળકો મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

સૌથી વધુ બિમાર બાળકો ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે જ્યારે સૌથી ઓછા બાળકો માણસા તાલુકામાંથી મળી આવ્યા છે.

## પ્રોત્સાહક પ્રતિસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ગાંધીનગરમાં પ્રથમવાર યોજાયેલ મહિલા સાયકલ રેલીને ઉત્કૃષ્ઠ પ્રતિભાવ સાંપડતા ૩૦૦થી વધુ મહિલાઓએ તેમાં ભાગ લીધો હતો અને આવતા વર્ષે આ સંખ્યા ૩૦૦૦ સુધી પહોંચે અને સાયકલ સવારી માટે નગરમાં સોશ્યલ ટ્રેક બનાવાય તે સાથે ગાંધીનગર સાયકલસીટી બને તેવો જી-૩ સાયકલ કલબનો પ્રયાસ છે.

મહિલા સાયકલ રેલીના મહાત્મા મંદિરે સમાપન પ્રસંગે જી-૩ કલબ દ્વારા પાટનગરને હરિયાળુ રાખવા સાયકલનો ઉપયોગ વધારવાના શપથ લીધા હતા. સાયકલ રેલીને સફળ બનાવવા ભૂમિ જોગાણી, પિંકી ઝા અને પ્રિતી સોનવાને દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ હતી.

## બસો દોડશે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ પરીક્ષા કેન્દ્રો પર સી.સી.ટી.વી. કેમેરાની વોચ પણ રાખવામાં આવશે. આ ઉપરાંત પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવા સરળતા રહે તે માટે દૂરના કેન્દ્રો માટે બસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ મામલે ગ્રામ્ય વિસ્તારની શાળાઓ તરફથી એસ.ટી. તંત્રને મળેલી રજૂઆતને ધ્યાને લઈ ઉનાવા, મુબારકપુર અને રાંધેજા વિસ્તારના પરીક્ષા કેન્દ્રો માટે એસ.ટી. તંત્ર દ્વારા ખાસ બસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એસ.ટી. તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રોને ધ્યાને લઈ ૫ બસો નિયત રૂટમાં દોડાવાશે. એસ.ટી. બસ પરીક્ષાર્થીઓને જવા-આવવા માટે ખાસ સેવા પુરી પાડશે. ગ્રામ્ય વિસ્તારના કેન્દ્રો પર વિદ્યાર્થીઓ નિયત સમયે પરીક્ષા કેન્દ્ર પહોંચી શકે તે માટે શાળાકક્ષાએથી મળેલી રજુઆતને ધ્યાને લઈ જરૂરી બસ સેવા પુરી પાડવામાં આવશે. તેમ પણ ડેપો મેનેજરે જણાવ્યું છે.

## ટાઈમલાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બનાવવાની યોજના બનાવી છે. ગાંધીનગરને ફુલોની નગરી બનાવવા શહેરના વિવિધ સેક્ટરો તેમજ સરકારી ઈમારતો પાસેની ખુલ્લી જગ્યામાં રંગબેરંગી ફુલો ઉગાડવામાં આવશે. સરકારી આયોજન મુજબ પ્રત્યેક ખુલ્લી જગ્યાએ શુશોભિત ફુલોના છોડ તેમજ ડેકોરેટીવ પ્લાન્ટેશન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે વિધાનસભાની સામે વર્ષો પહેલાં એક ગુલાબ ઉદ્યાન હતો જેમાં ૫૦ જાતના ગુલાબના છોડ વાવવામાં આવ્યા હતા. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ ગાર્ડન સમય જતાં સરકારે તોડી નાંખ્યો પછી ગુલાબ ઉદ્યાન થયો નથી.

**ગિફ્ટ સિટીમાં જ્વેલર્સ પણ ખરા ! ...**

ગાંધીનગર નજીક આકાર લઈ રહેલા ગિફ્ટ સિટીમાં બિઝનેસ અને ફાયનાન્સિયલ કંપનીઓ સાથે હવે જ્વેલર્સના પ્રોજેક્ટ પણ આવવા લાગ્યા છે. ભારતની ટોચની કંપની પ્યોર ગોલ્ડ જ્વેલર્સ ૧૨ કન્ટ્રીમાં ૧૨૫ સ્ટોર ધરાવે છે, હવે તે ગિફ્ટ સિટીમાં ૨૫ મિલિયન ડોલરનું મૂડીરોકાણ કરી રહી છે. કંપનીના ફાઉન્ડર અને ચેરમેન ફિરોઝ મરચન્ટ કહે છે કે અમે ગિફ્ટ સિટીમાં વિવિધ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ કરવાનો ઈરાદો ધરાવીએ છીએ. ઉલ્લેખનીય છે કે ભારતના ફાયનાન્સ મિનિસ્ટર અરૂણ જેટલીએ ગિફ્ટ સિટીના રેગ્યુલેશન્સ માર્ચના અંતે બહાર પાડવાની જાહેરાત તેમના બજેટમાં કરી છે. ગિફ્ટસિટી એ નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે, જેની પ્રપોઝલ તેમણે ૨૦૦૭માં કરાવી હતી. આ સિટીમાં એનએસઇ અને બીએસઇ એ રોકાણ કરવાની અગાઉથી જાહેરાત કરી દીધી છે...

**હાશ, ૨૨ વર્ષે પ્રોજેક્ટનું ઠેકાણું પડ્યું છે ...**

કચ્છ જિલ્લામાં જીએમડીસી દ્વારા પુરા પાડવામાં આવનારા બોક્સાઈટ આધારિત એલ્યુમિના અને એલ્યુમિનિયમ સ્મેલ્ટર પ્લાન્ટ ઉભો કરવા માટે કંપનીએ ભારત સરકારની નવરત્ન કંપની મેસર્સ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ(નાલ્કો) ને પસંદ કરી છે. આ પ્લાન્ટ માટે સંયુક્ત સાહસ કંપનીમાં ઈક્વિટી ભાગીદારી માટેની દરખાસ્ત ગુજરાત સરકારે મંજૂર કરી છે. ૧૦૦ એકર જમીન સંપાદન કરવામાં આવી છે અને બાકીની જમીન સંપાદન કરવાની કામગીરી પ્રક્રિયામાં છે. આ પ્રોજેક્ટમાં કુલ ૪૦૦ હેક્ટર જમીનની જરૂર પડશે. નાલ્કો કંપનીએ વિગતવાર રિપોર્ટ આપી દીધો છે અને તેની ચકાસણી ચાલી રહી છે. રૂપિયા ૧૫,૦૦૦ કરોડનું મૂડીરોકાણ આ પ્રોજેક્ટ પાછળ થવાનું છે. આ પ્રપ્રોજેક્ટનું ઠેકાણું ૨૨ વર્ષ બાદ પડ્યું છે...

**સરકારને હવે આઇટી કેડર મળશે ...**

ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં અગ્રેસરનો દાવો કરતી ગુજરાત સરકાર પાસે તેની આઇટી કેડર નહી હોવાથી મોડે મોડે સરકારે આઈટી ઓફિસરોની એક કેડર ઉભી કરવાનું નક્કી કર્યું છે. પ્રાથમિક તબક્કે સરકારમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર, આઈટી ઓફિસર્સ, ડેપ્યુટી ડાયરેક્ટર, ડાયરેક્ટર સહિતનો સ્ટાફ ભરવામાં આવશે. આ તમામ સ્ટાફની કુલ જગ્યાઓ ૨૦૯ વિચારવામાં આવી છે અને તેની પાછળ ૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. અફસોસ એ વાતનો છે કે આઈટી કેડરના જેટલા પણ ઓફિસરો હશે તેમની જોબ પ્રોફાઈલ કોન્ટ્રાક્ચ્યુઅલ બેઝ રહેશે, એટલે કે તેમની નોકરી ૧૧ મહિનાની ગણાશે, ત્યારબાદ જોબ રિન્યુઅલ કરાશે...

**હવે બુલેટપ્રુફ પોલીસ જોવા મળશે ...**

રાષ્ટ્રીય સલામતી, આતંકવાદ અને હિંસક ગુનાઓ જેવા પડકારોનો પહેલો અને સીધો સામનો પોલીસના જવાનોએ કરવો પડતો હોય છે. શહેરમાં કોઈ જગ્યાએ દંગા-ફસાદ હોય કે તોફાનો ફાટી નિકળે તો પહેલો પથ્થર પોલીસ ઉપર પડે છે. ઘણીવાર પોલીસના જવાનો બુટલેગરો કે હિંસક ગુનેગારોની ગોળીનો શિકાર બનતા હોય છે. આ પરિસ્થિતિમાંથી ઉગરવા માટે સરકારે મોડે મોડે પણ બુલેટપ્રુફ જેકેટ અને હેલ્મેટ ખરીદવાનું નક્કી કર્યું છે. એક જ વર્ષમાં ગુજરાત સરકારનું પોલીસ તંત્ર ૧૦ કરોડના બુલેટપ્રુફ જેકેટ અને હેલ્મેટ ખરીદ કરશે. આતંકવાદની સમસ્યા વિકરાળ હોવાથી પોલીસની સલામતી આ સાધનો ખરીદવા જરૂરી બન્યા હોવાનો સરકારે દાવો કર્યો છે અને તે સાચો પણ છે...

**ક્લાયમેટ ચેન્જ એક્સલન્સ સેન્ટર ...**

ગાંધીનગર સ્થિત પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ક્લાયમેટ ચેન્જ અંગે એક્સલન્સ સેન્ટર સ્થાપવા માટે સરકારે દરખાસ્ત કરી છે. આ એક્સલન્સ સેન્ટર હવામાનના બદલાતા પરિણામો, ઉર્જાના નવા અને નવીનિકરણપાત્ર સ્રોત, ઉર્જાની કાર્યક્ષમતા, વૈકલ્પિક બળતણ ટેકનોલોજી, જળ સ્રોત પર ક્લાઈમેટ ચેન્જની અસરો, કૃષિ તેમજ દૂધ ઉત્પાદન પર ક્લાયમેટ ચેન્જની અસરો જેવા કાર્યોમાં મદદરૂપ થશે. એ ઉપરાંત આ સેન્ટર માનવ તથા પશુઓના આરોગ્ય ઉપર ક્લાયમેટ ચેન્જની અસરો, દરિયાની સપાટીમાં વધારો જેવી બાબતો અંગે સંશોધન પણ કરશે. આ સેન્ટર સ્થાપવા માટે પાંચ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે...

**જરા સંભાળજો ભાઇ, ચૂંટણી આવે છે ...**

ગુજરાતમાં મોટાપાયે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી મોટાપાયે આવી રહી છે. આ વર્ષના ત્રીજા ભાગમાં એટલે કે સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં મહાનગરો, પાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતો અને ગ્રામ પંચાયતોની ચૂંટણી થવાની છે. છેલ્લા ૧૪ વર્ષમાં આ સૌથી મોટી પહેલી ચૂંટણી હશે કે જેમાં નરેન્દ્ર મોદીની સીધી દોરવણી નહી હોય...અમિત શાહ પણ નહી હોય. આ ચૂંટણી એકમાત્ર મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલના નેતૃત્વમાં લડાવાની છે. ચૂંટણી પહેલાં ભાજપમાં પ્રદેશ પ્રમુખ પણ નવા આવી ગયા હશે. સચિવાલયમાં ચીફ મિનિસ્ટરે જિલ્લાઓની સમીક્ષા હાથ ધરી છે. જિલ્લાઓના પ્રદેશ નેતાઓને તેઓ મળે છે. તેમણે કેબિનેટના સભ્યો તેમજ ધારાસભ્યોને પણ ધ્યાન રાખવાની સૂચનાઓ આપી છે. - ભાઇ, જરા સંભાળજો, આ ચૂંટણી આપણે જીતવાની છે...